ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી — તા. ૧૩-૦૪-૨૦૨૨

- **સરકારે 75થી વધુ દિવસ થયા તેમ છતાં જી.પી.એસ.સી.ના અધ્યક્ષ તથા કમિશનના સભ્યોની નિમણુંક કરેલ નથી**

જીપીએસસીના પૂર્વ ચેરમેન ડો. દિનેશ દાસા તા. 31મી જાન્યુઆરીના રોજ રિટાયર થયા હતા. ભારતના બંધારણની કલમ 316 મુજબ જાહેર સેવા આયોગના ચેરમેનનું પદ ક્યારેય રિક્ત રહી શકતું નથી. તેમ છતાં વર્તમાન સરકારે 75થી વધુ દિવસ થયા તેમ છતાં અધ્યક્ષ તથા કમિશનના સભ્યોની નિમણુંક કરેલ નથી. આથી કેલેન્ડર મુજબ જે ઈન્ટરવ્યુ માર્ચ - એપ્રિલ મહિનામાં લેવાનાર હતા તે બધા જ ઈન્ટરવ્યુઝ અચોક્કસ મુદત માટે મુલતવી રાખી દેવામાં આવ્યા છે. આ બાબતે ઉમેદવારોએ CMOમાં, મુખ્ય સચિવશ્રીને તથા સરકાર અને વિપક્ષના વિવિધ ધારાસભ્યોને આ માટે સરકારશ્રીને પત્ર લખવા જણાવ્યું. અમુકે પત્રો લખ્યા પણ ખરા. તેમ છતાં સરકાર દ્વારા હજુ સુધી કોઈ હકારાત્મક જવાબ અપાઇ રહ્યો નથી. આમ જોવા જતાં સરકાર બંધારણની કલમનો ભંગ કરે છે, તેમ છતાં કોઈ એક્શન લેવાઈ રહ્યા નથી. કોરોનાને લીધે ઉમેદવાર વિદ્યાર્થીઓની કારકિર્દીમાં આમ પણ બે વર્ષનો ડીલે થઈ ગયેલ છે, ત્યારે સરકાર દ્વારા આયોગના અધ્યક્ષની નિમણુંક કરવા બાબતની ઉદાસીનતા બેરોજગાર યુવાનોની કારકિર્દીને વધુ પાછળ ધકેલી રહી છે.

યુવાનો આંદોલન કરતાં ગભરાય છે કારણકે સરકારના હાથમાં પોલિસ પ્રોટેક્શન છે અને એક વખત પોલીસ ચોપડે નામ નોંધાઈ ગયા બાદ વિદ્યાર્થીઓ પરીક્ષાના ઉમેદવારો હોવાથી ભવિષ્યમાં નોકરી મેળવવામાં તકલીફ પડી શકે એમ છે.

ઉપરોક્ત મુદ્દાને અનુસંધાને સરકારશ્રીને અનુરોધ છે કે, જલ્દીથી જી.પી.એસ.સી.ના અધ્યક્ષ તથા કમિશનના સભ્યોની નિમણું કરીને અચોક્કસ મુદત માટે મુલતવી રાખેલ ઈન્ટરવ્યુ કેલેન્ડર મુજબ લઈને ઉમેદવારોને ન્યાય આપે.

(હેમાંગ રાવલ)
મિડિયા કોર્ડીનેટર